નોંધણી ક્રમાંકઃઈ/૧૨૦૫/સુરત
તા.૩૧/૮/૧૯૮૮

# કર્મચારી કલ્યાણ મંડળ
# નવસારી કૃષિ યુનિવર્સિટી,
# નવસારી

વંચાણે : મા.કુલપતિશ્રી અને પ્રમુખશ્રી, કર્મચારી કલ્યાણ મંડળે તા.૨૯/૫/૧૭ની નોંધ ફાઈલ ઉપર આપેલ મંજુરી

## પરીપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ નોંધથી મા.કુલપતિશ્રીની મળેલ મંજુરીથી કર્મચારી કલ્યાણ મંડળ, ન.કૃ.યુ., નવસારી ધ્વારા આગામી તા.૨૫/૬/૨૦૧૭, રવિવારના રોજ ૧૫.૩૦ થી ૧૯.૦૦ કલાક સુધી યુનિવર્સિટીના અધિકારીશ્રી તેમજ કર્મચારીશ્રીઓના ૩ થી ૧૭ વર્ષ સુધીના બાળકો માટે યુનિવર્સિટી ઓડીટોરીયમ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ **"બાળ પ્રતિભા પરિચય–૨૦૧૭"**નું આયોજન કરેલ છે જેમાં નીચે મુજબની કૃતિઓનો સમાવેશ કરેલ છે જેમા પોતાના બાળકનું રજીસ્ટ્રેશન કરાવવા ઈચ્છતા અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓએ આ સાથે સામેલ નિયત નમુનાનું ફોર્મ ભરી તા.૧૨/૬/૨૦૧૭, સોમવારના સાંજે ૫.૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા ઈમેઈલથી નીચે મુજબના કર્મચારીશ્રીઓને મોકલી આપવાના રહેશે.

| બાળ પરિચય–૨૦૧૭માં સમાવેશ કરેલ કૃતિઓ | | | |
|---|---|---|---|
| ૧ | ડાન્સ | ૭ | ડ્રામા |
| ૨ | ગ્રુપ ડાન્સ | ૮ | વાધ્ય સંગીત |
| ૩ | વકૃત્વ સ્પર્ધા | ૯ | જોકસ |
| ૪ | દેશ ભકિત તેમજ શોર્ય ગીત ગાવુ | ૧૦ | પ્રોગ્રામ એન્કરીંગ |
| ૫ | વેશભુષા | ૧૧ | મિમિક્રી |
| ૬ | એકપાત્રીય અભિનય | | |

| ("બાળ પ્રતિભા પરિચય–૨૦૧૭" કાર્યક્રમની અરજીઓ સ્વીકારવા માટે નિયત કરવામાં આવેલ કર્મચારીશ્રીઓના નામ) | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ડૉ. મેહુલ જી. ઠક્કર, સહ પ્રાધ્યાપક<br>Email : mehulgthakkar@nau.in | એ.બી.એમ. કોલેજ | ૫ | શ્રી કેયુર એસ. પટેલ, સી.કલાર્ક<br>Email :regiadm3.3@nau.in | યુનિવર્સિટી ભવનની તમામ કચેરીઓ |
| ૨ | ડૉ. ગૌરવ પંડયા, મદદનીશ પ્રાધ્યાપક<br>Email :gmpandya@nau.in | વેટરનરી કોલેજ | ૬ | શ્રી સંજય આર. રબારી, જુ.કલાર્ક<br>Email : sanjayrabari@nau.in | કૃષિ મહાવિદ્યાલય, નવસારી તેમજ તમામ સબ સેન્ટરોની કચેરી |
| ૩ | પ્રો. મુકેશ એ. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક<br>Email : mukeshpatel@nau.in | અસ્પી બાગાયત કોલેજ | ૭ | શ્રી એમ.કે.મલેક, ખેતી મદદનીશ<br>Email :mmkmalek04@nau.in | |
| ૪ | પ્રો. જયેશ પાઠક, મદદનીશ પ્રાધ્યાપક<br>Email :jayeshpathak2010@gmail.com | ફોરેસ્ટ્રી કોલેજ | | વધુ માહિતી માટે: 9724301276 Sanjay Rabari<br>9879017863 M.K.Malek | |

## શરતો.

૧ સદર પ્રોગ્રામ યુનિવર્સિટી સ્ટાફના બાળકોમાં રહેલ પ્રતિભાને ઉજાગર કરવાના ઉમદા હેતુંથી કરવામાં આવનાર છે જેમાં દરેક અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓએ સાથ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ પુરો પાડવા નમ્ર વિનંતી છે.

૨ સાંસ્કૃતિક કાર્યક્રમ " બાળ પ્રતિભા પરિચય–૨૦૧૭"માં યુનિવર્સિટીના કોઈપણ વર્ગના કર્મચારીઓના નિયત થયેલ વય મર્યાદાના બાળકો ભાગ લઈ શકશે. **(કર્મચારી કલ્યાણ મંડળના સભ્ય હોવુ જરૂરી નથી.)**

૩ નિયત સમય મર્યાદામાં રજીસ્ટ્રેશન અંગેની અરજીઓ મોકલી આપવાની રહેશે નિયત સમય મર્યાદાબાદ આવેલ અરજીઓ ગ્રાહય રાખવામાં આવશે નહી.

૪ આવેલ અરજીઓનું નિયત કરવામાં આવેલ કમિટી ધ્વારા સ્ક્રીટીની કરવામાં આવશે અને જરૂર જણાશે તો રૂબરૂ લાયકાત જોઈ સ્ક્રીટીની કરવામાં આવશે. સ્કુટીની કમિટીનો નિર્ણય આખરી માનવાનો રહેશે.

૫ ભાગ લેનાર બાળકોના કોસ્યુમનો ખર્ચ જે તે વાલીઓએ કરવાનો રહેશ.

૬ કાર્યક્રમ દરમ્યાન બાળકને કોઈપણ પ્રકારની ઈજા થાય તો તેની જવાબદારી મંડળની રહેશે નહી.

૭ યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓના પુત્ર/પુત્રીએ સ્ટેટ અથવા નેશનલ લેવલે રમત ગમત કે અન્ય પ્રવૃત્તિમાં વિશિષ્ટ સિધ્ધી મેળવેલ હોય તેની જાણ મંડળ ને કરવી. જેથી તેઓનું જાહેર બહુમાન કરી શકાય.

૮ સંજોગો વસાત કાર્યક્રમની તારીખ, સમય અને સ્થળમાં ફેરફાર થશે તેની જાણ મંડળ ધ્વારા કરવામાં આવશે.

૯ એક બાળક એકજ કૃતિમાં ભાગ લઈ શકશે.

જા.નં. ક.ક.મ.નવસારી/ઈનામ/ ૨૫ /૨૦૧૭
નવસારી તા.૮/૦૬/૨૦૧૭

મંત્રી
કર્મચારી કલ્યાણ મંડળ

**નકલ સવિનય રવાનાઃ–**

પ્રતિશ્રી, યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ તથા આપના તાબા હેઠળના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને જાણ કરવા સારૂ.

**કર્મચારી કલ્યાણ મંડળ,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજીત યુનિવર્સિટી સ્ટાફના બાળકો માટે "બાળ પ્રતિભા પરિચય-૨૦૧૭"માં ભાગ લેવા માટેનું રજીસ્ટ્રેશન ફોર્મ**

કૃતિનું નામ :

| | |
|---|---|
| કર્મચારી/અધિકારીશ્રીનું નામ : | |
| હોદ્દો : | |
| કચેરીનું નામ, સરનામું : | |
| મોબાઇલ નંબર : | |
| બાળકનું નામ : | |
| જન્મ તારીખ : | |
| અભ્યાસ ધોરણ : | |

આથી હું બાંહેધરી આપું છું કે, "બાળ પ્રતિભા પરિચય-૨૦૧૭ કાર્યક્રમ દરમ્યાન મારા બાળકની ઉપરોકત અરજી પરત્વે સદર કાર્યક્રમ માટે નિયત થયેલ સ્કુટીની કમિટી ધ્વારા જે નિર્ણય કરવામાં આવશે તે મને માન્ય અને બંધનકર્તા રહેશે.

તારીખ :

સ્થળ :

(અરજદારની સહી / નામ)

પ્રતિ,
મંત્રીશ્રી,
કર્મચારી કલ્યાણ મંડળ,
ન.કૃ.યુ., નવસારી